Seat No. : _______________

# NI-112

**December-2015**

**B.A., Sem.-III**

**CC-203 : Gujarati**

**("મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય")**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. "મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ધર્મરંગ્યું હોવા છતાં એમાં જીવનના ઉલ્લાસ-આનંદનો સંપૂર્ણ બાધ થયો નથી" આ વિધાનની સાધક-બાધક ચર્ચા કરો. **14**

   **અથવા**

   મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં પ્રમુખ પ્રવાહોમાંથી કોઈ એક પ્રવાહનો પરિચય કરાવો.

2. નરસિંહ પૂર્વેના જૈન-જૈનેતર સાહિત્યનો વિગતવાર પરિચય કરાવો. **14**

   **અથવા**

   કોઈપણ **બે** કૃતિનો પરિચય આપો :

   (1) સિદ્ધ-હેમના દુહા

   (2) વસંતવિલાસ

   (3) પૃથ્વીચંદ્ર ચરિત્ર

   (4) ભરતેશ્વર બાહુબલિરાસ

3. "મીરાં એકલા ગુજરાત અને રાજસ્થાનની જ નહીં, ભારતવર્ષની પણ પ્રથમ સ્થાનની અધિકારી સ્ત્રી કવિ છે." આ વિધાનની મીરાંના સાહિત્ય સેવાના સંદર્ભે મૂલવો. **14**

   **અથવા**

   "આખ્યાનના સ્વરૂપ નિર્માતા તરીકે, 'કાદંબરી'ના પદ્યાનુવાદક તરીકે તથા ગણનાપાત્ર પદ તરીકે ભાલણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઉલ્લેખનીય ફાળો આપ્યો છે" – ચર્ચો.

4. ગમે તે **બે** ટૂંકનોંધ લખો : **14**

   (1) ભોજાનું જીવન અને ચાબખા

   (2) મધ્યકાલીન ગદ્ય સાહિત્ય

   (3) નરસિંહ-મીરાંના પદોની લાક્ષણિકતા

   (4) ધીરાની કાફીઓ

5. નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ લખો : **14**

(1) નરસિંહ મહેતાનું વતન કયું હતું ?

(a) ભાવનગર (b) તળાજા

(c) જૂનાગઢ (d) પાલિતાણા

(2) નીચેનામાંથી કયું સ્વરૂપ શક્તિપૂજા સાથે સંકળાયેલું છે ?

(a) રાસ (b) પદ (c) આખ્યાન (d) ગરબો-ગરબી

(3) 'મુખડાની માયા લાગી રે મોહન પ્યારા' – આ પદ કોનું છે ?

(a) મીરાં (b) વલ્લભ (c) દયારામ (d) નરસિંહ

(4) અસાઈતનું નામ ગુજરાતમાં શાને માટે જોડાઈ ગયું છે ?

(a) લોકગીત (b) લોકનૃત્ય (c) લોકનાટ્ય (d) લોકસંગીત

(5) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેન્દ્રમાં શું છે ?

(a) પ્રકૃતિ (b) પ્રણય (c) ધર્મ (d) માનવ સમસ્યાઓ

(6) મીરાંની ઉત્તરાવસ્થા કયા સ્થળોએ વીતી હતી ?

(a) કાશી (b) મથુરા

(c) મેડતા (d) વૃંદાવન-દ્વારિકા

(7) નરસિંહ પૂર્વે ગુજરાતી ભાષાને કોણે પ્રચલિત કરી હતી ?

(a) જૈન મુનિઓએ (b) સ્વામીનારાયણ સંતોએ

(c) વૈષ્ણવ સંતોએ (d) શૈવ સાધુઓએ

(8) 'ભરતેશ્વર બાહુબલિ રાસ'નો મુખ્ય રસ કયો છે ?

(a) શૃંગાર (b) વીર (c) હાસ્ય (d) કરુણ

(9) ભાલણે પોતાનું વતન 'પાટણ' હોય એવો સ્પષ્ટ ઉલ્લેખ એના કયા આખ્યાનના અંતે કર્યો છે ?

(a) નળાખ્યાન (b) દશમસ્કંધ (c) ધ્રુવાખ્યાન (d) મામકી આખ્યાન

(10) નીચેનામાંથી કઈ કૃતિનો ભાલણે અનુવાદ કર્યો નથી ?

(a) કાદંબરી (b) વસંતવિલાસ (c) સપ્તશતી (d) નળાખ્યાન

(11) ધીરાએ 'જ્ઞાન-કક્કા'માં દરેક અક્ષર ઉપર એક કાફી લખી છે તેમાં કુલ કેટલી કાફીઓ છે ?

(a) 30 (b) 31 (c) 32 (d) 33

(12) "નાવ ઉપર નીર ચડી ચાલ્યું જેમ ચરુ ઉપર ચઢિયો ચૂલ
અશ્વાર ઉપર તુરંગ ચઢિયો, એ તો ભારે ભૂલવણીની ભૂલ"
– આ પંક્તિ કોની છે ?

(a) ભોજો (b) ધીરો (c) અખો (d) કબીર

(13) 'પૃથ્વીચંદ્ર ચરિત' કોની કૃતિ છે ?

(a) જયશેખરસૂરિ (b) ભાલણ

(c) માણિક્ય સુંદર સૂરિ (d) શાલિભદ્રસૂરિ

(14) 'નેમિનાથ ફાગુ' કોની કૃતિ છે ?

(a) જનચંદસૂરિ (b) જિનપદ્મસૂરિ

(c) રાજશેખરસૂરિ (d) અજ્ઞાત કવિ